dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 14 | AD - 2025, Aso Vad-08 | Tuesday, Dt.14-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## IRCTC કૌભાંડમાં લાલુ, રાબડી દેવી અને તેજસ્વી યાદવ સહિત કુલ ૧૪ લોકો સામે કોર્ટે આરોપો ઘડ્યા



પટણા,તા.૧૩

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા લાલુ પરિવારની મુશ્કેલીઓ વધી ગઈ છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આઈઆરસીટીસી કૌભાંડમાં લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી યાદવ સહિત કુલ ૧૪ લોકો સામે આરોપો ઘડ્યા છે. બિહારમાં ચૂંટણી પહેલા આ IRCTC કૌભાંડ ચૂંટણી મુદ્દો બનશે. આ કેસ લાલુ પ્રસાદ યાદવના રેલવે મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન થયેલા આઈઆરસીટીસી હોટેલ કૌભાંડ સાથે જોડાયેલો છે, જેમાં સીબીઆઈએ લાલુ પરિવાર અને અન્ય ઘણા લોકો સામે ભ્રષ્ટાચાર, કાવતરું અને છેતરપિંડીના ગંભીર આરોપો લગાવ્યા છે. સીબીઆઈએ આરોપ લગાવ્યો છે કે આઈઆરસીટીસીમાં જમીનના બદલામાં કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા. સીબીઆઈએ દાવો કર્યો હતો કે તમામ આરોપીઓ સામે આરોપો ઘડવા માટે પૂરતા પુરાવા છે.

## ૨૦૨૭ બાદ દરેક કેસનું ૩ વર્ષની અંદર નિરાકરણ આવશે : અમિત શાહ

જયપુર,તા.૧૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જયપુર પહોંચ્યા હતા, જ્યાં તેમણે જેઈસીસીમાં ત્રણ નવા ગુનાહિત કાયદા પર આધારિત રાજ્ય સ્તરીય પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લાગુ કરવામાં આવેલા ત્રણ નવા કાયદા-ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ દેશની ન્યાય પ્રણાલીમાં ઐતિહાસિક બદલાવ લાવનારા છે. શાહે કહ્યું કે આ કાયદાને સંપૂર્ણપણે લાગુ કરવામાં બે વર્ષ લાગશે, પણ ૨૦૨૭માં નોંધાયેલી દરેક ફરિયાદમાં ત્રણ વર્ષની અંદર સુપ્રીમ કોર્ટ સુધીમાં ન્યાય મળવાની ખાતરી કરવામાં આવશે. અમિત શાહે પોતાના સંબોધનમાં કહ્યું કે આ ખાલી કાનૂની સુધાર નથી, પણ દેશની ન્યાય વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન છે. તેમણે તેને ઈઝ ઓફ લિવિંગ સાથે ઈઝ ઓફ જસ્ટિસની દિશામાં મોટું પગલું ગણાવ્યું છે. શાહે જણાવ્યું કે, પહેલા પોલીસ દ્વારા પકડેલા ૧૦૦ ગુનેગારોમાંથી ખાલી ૪૨ને સજા મળતી હતી, જે હવે વધીને ૬૦ ટકા થઈ ગઈ છે.















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૪-૧૦-૨૦૨૫

# અમરેલી જિલ્લાના ખેડૂતોના વિવિધ પ્રશ્ને કલેક્ટરને આવેદન

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ સામતભાઈ જેબલીયાએ ટેકાના ભાવે મગફળીની તાત્કાલિક ખરીદી શરૂ કરવા અને ખેડૂતોના વિવિધ પ્રશ્નો મુદ્દે કલેક્ટરને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, દરેક માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવક મોટા પ્રમાણમાં શરૂ થઈ ગયેલ છે. ખેડૂતો ખુલ્લા યાર્ડમાં મગફળી વેચવા મજબૂર બન્યા છે. હજુ સુધી સરકાર તરફથી કેટલી મગફળી ખરીદવી તેની કોઈ જાહેરાત કરવામાં આવેલ નથી. ટેકાના ભાવે ખેડૂતોની જણસ ખરીદવા અગાઉથી આયોજન થવું જોઈએ. ખેડૂતોને દીવાળી જેવો તહેવાર હોવાથી બધા જ બિલ ચુકવવાના કોઈ હાલ રૂ.૮૦૦ થી ૧૦૦૦માં મગફળી વેચાય રહી છે તેથી ખેડૂતોને મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આથી સરકારને વિનંતી છે કે હેકટર દિઠ-૫૦ મણ ખરીદી



અથવા ખાતા દિઠ-૨૦૦ મણ મગફળીની ખરીદી તાત્કાલિક શરૂ કરે. આ ઉપરાંત તાલુકા દિઠ બે ખરીદી કેન્દ્ર શરૂ કરવા, બારદાન, ટ્રાન્સપોર્ટિંગની અન્ય જરૂરી વ્યવસ્થા કરવાની જરૂર છે. ૨૦૨૪ કપાસના પાકને કમોસમી વરસાદને હિસાબે થયેલ નુકસાનનું વળતર ચૂકવવા સરકારે જાહેરાત કરેલ છે. તેમાં અમુક તાલુકામાં જ ખેડૂતોના ખાતામાં હેકટર દિઠ રૂા.૧૧૦૦૦ બે હેકટરની મર્યાદામાં રૂા.૨૨૦૦૦ ચુકવવાનો જે નિયમ કરેલ છે તે ઝડપની ચુકવવામાં આવે. રાજુલા-ખાંભા-જાફરાબાદ તેમજ અમુક તાલુકાના જે ગામો રહી ગયા છે તેનો સમાવેશ કરવામાં આવે. ખેડૂતોને ગ્રામ્ય સેવા સહકારી મંડળી તેમજ બેંકમાંથી પાક ધિરાણ ત્રણ લાખની મર્યાદા કરતાં વધારે લીધેલ હોય તેનું વ્યાજ સદંતર માફ કરવામાં આવે તેવા વિવિધ મુદ્દે રજૂઆત કરી છે. આ પત્રની નકલ મુખ્યમંત્રી, કૃષિ મંત્રી, ગૃહમંત્રી, જિલ્લાના સાંસદ અને જિલ્લાના તમામ ધારાસભ્યોને મોકલી છે.

**સરકાર ખેડૂતોના પ્રશ્નો નહી સાંભળે તો આંદોલનની ચીમકી**

અમરેલી જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ સામતભાઈ જેબલીયાએ જણાવ્યું કે, જો સરકાર ખેડૂતોના આ પ્રશ્નો નહીં સાંભળે તો કિસાન સંઘ દ્વારા આગામી સમયમાં આંદોલનની રણનીતિ જાહેર કરવામાં આવશે. તેમણે સરકાર પર આયાત-નિકાસ નીતિ પર ધ્યાન ન આપવાનો અને ખેડૂતોની વેદના સાંભળવા માટે સમય ન હોવાનો આરોપ પણ લગાવ્યો હતો.

# 'મન કી બાત' કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી જિલ્લા ભાજપ દ્વારા આયોજન બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૩

ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને વધુ સફળ બનાવવા માટે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આયોજન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આગામી કાર્યક્રમની સફળતા માટે વિધાનસભા પ્રમાણેની કામગીરી માટે જિલ્લા કક્ષાની નવી




ટીમની રચના કરવામાં આવી હતી. આ નવનિયુક્ત ટીમ સાથેની બેઠકમાં કાર્યક્રમનું દરેક બૂથ મુજબ આયોજન, આગેવાનોની ઉપસ્થિતિ, કાર્યક્રમની સફળતા અને ફોટોગ્રાફ સાથે 'સરલ' એપ્લિકેશનમાં રિપોર્ટિંગ વગેરે બાબતે ચર્ચાઓ કરાઈ હતી. આ બેઠકમાં અતુલભાઈ કાનાણી, મેહુલભાઈ ધોરાજીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, 'મન કી બાત' કાર્યક્રમના નવનિયુક્ત ઈન્ચાર્જ તરીકે સાગરભાઈ સરવૈયા, પ્રવીણભાઈ સાવજ, જીતુભાઈ જોષી, મુકેશભાઈ ખોખરીયા અને ધર્મેશભાઈ વિસાવળીયાની નિમણૂક કરવામાં આવી હતી.

# જાળીયા પાસે નેશનલ હાઈવે ઓથોરિટીની બેદરકારીથી ભારે વાહનો માટીમાં ફસાયા

બગસરા,તા.૧૩

બગસરા નજીક આવેલા જાળીયા ગામ પાસે પુલનું કામ ચાલી રહ્યુ છે જેથી હાઈવે ઓથોરિટીએ બાજુમાં ડાયવર્ઝન કાઢ્યુ છે. પરંતુ ડાયવર્ઝનમાં નાખવામાં આવેલી માટીમાં છેલ્લાં ત્રણ દિવસથી ટ્રક ફસાવાની સમસ્યા રહેતા વાહનચાલકોમાં રોષ ફેલાયો છે. બગસરા નજીક



આવેલા જાળીયા ગામ પહેલા નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા પુલ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેથી બાજુમાં વાહનોને પસાર થવા માટે ડાયવર્ઝન કાઢવામાં આવ્યું છે. આ ડાયવર્ઝનમાં માટીનું યોગ્ય પુરાણ કરવામાં આવ્યુ ન હોવાથી છેલ્લાં ત્રણ દિવસથી ટ્રક ફસાઈ જાય છે જેના કારણે વાહનોની લાંબી કતારો લાગે છે. આ બાબતે હાઈવે ઓથોરિટીને પણ ફરિયાદ કરવામાં આવતા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. બગસરા સહિતના પંથકમાંથી મગફળીના ટ્રક સહિત લોડીંગવાળા ટ્રક ફસાતા હોવાથી ટ્રકચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# જિલ્લાનાં ૧૧ તાલુકાઓમાં બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ યોજાશે

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લાના તમામ ૧૧ તાલુકામાં તા.૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત કૃષિ વિકાસ દિન ઉજવણીની સાથે રવિ કૃષિ મહોત્સવ- ૨૦૨૫ યોજાશે. બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા રવિ પાકો વિશે અને આધુનિક કૃષિ તાંત્રિકતા માટે પરિસંવાદ દ્વારા ખેડૂતોનું માર્ગદર્શન કરવામાં આવશે. આ ઉપરાંત નવીન કૃષિ ટેકનોલોજી આધારિત પ્રદર્શન, ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ, જિલ્લાના ખેડૂતોને જુદી જુદી યોજનાઓ હેઠળ સહાયનું વિતરણ, બે દિવસીય પશુ આરોગ્ય મેળાઓ પણ યોજાશે. જિલ્લા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ અમરેલીમાં કડવા પટેલ સમાજ વાડી, નારાયણ નગર શેરી નં. ૮, હનુમાનપરા રોડ ખાતે અને તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવ બાબરા ખાતે દસલાણીયા વાડી, જલારામ મંદિર પાસે, અમરેલી રોડ, બગસરામાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર- કુંકાવાવ રોડ, ધારીમાં અરૂણ મુછાળા કોલેજ-સરસીયા રોડ, જાફરાબાદમાં નગરપાલિકા સેવાસદન ટાઉનહોલ ખાતે, ખાંભામાં જે.એન. મહેતા હાઈસ્કૂલ, એસ.બી.આઈ. બેંકની સામે, લાઠીમાં એ.પી.એમ.સી.- લાઠી ખાતે, લીલીયામાં એ.પી. એમ.સી.- લીલીયા, રાજુલામાં લુહાર-સુથાર વિદ્યાર્થી ગૃહની વાડી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની પાસે, સાવરકુંડલામાં માર્કેટિંગ યાર્ડ ખાતે અને કુંકાવાવ - વડીયા તાલુકાનો મોટી કુંકાવાવમાં પટેલ સમાજની વાડી, અમરેલી રોડ ખાતે યોજાશે.

# મોટી કુંકાવાવની વિદ્યાર્થિનીએ રેડીયોલોજીસ્ટમાં પ્રથમ ક્રમ મેળવ્યો

મોટી કુંકાવાવ,તા.૧૩



તાજેતરમાં જી.પી.એસ.સી. દ્વારા લેવાયેલી રેડીયોલોજીસ્ટ સ્પેશ્યાલીસ્ટ કલાસ-૧ ની પરીક્ષામાં કુંકાવાવના વતની ડો.હિરલબેન કિશોરભાઈ પાનસુરીયાએ રેન્ક-૧ મેળવી પ્રથમ ક્રમાંકે પાસ કરેલ છે. હિરલબેન જીપીએસસી પરીક્ષામાં પાસ થતા અમરેલી જિલ્લાનું ગૌરવ વધ્યુ છે સાથોસાથ મોટી કુંકાવાવ ગામ પણ ગૌરવ અનુભવે છે. ડો. હિરલબેન પર પરિવારજનોએ શુભેચ્છાઓનો ધોધ વહાવ્યો છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવી હતી.

# જૂનાગઢની ઘટનાને લઈ રાજુલા ત્રિપાંખ સાધુ સમાજ દ્વારા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર

રાજુલા,તા.૧૩

જૂનાગઢમાં બનેલી ઘટનાના વિરોધમાં અને તેમાં કડક કાર્યવાહીની માંગ સાથે રાજુલા તાલુકાના ત્રિપાંખ સાધુ સમાજ દ્વારા રાજુલા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવાયું હતું કે, જૂનાગઢની આ ઘટનામાં સરકાર દ્વારા કડકમાં કડક કાર્યવાહી થવી



જોઈએ. આવેદનપત્ર આપવા સમગ્ર ત્રિપાંખ સાધુ સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ આવેદનપત્ર પાઠવવા માટે ગુજરાત રાજ્યના ત્રિપાંખ સાધુ સમાજના પ્રમુખ વૈકુંઠગીરીબાપુ ગોસ્વામી સહિતના સમાજના સૌ અગ્રણીઓ એકસાથે ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા તાલુકાના ખંભાળા ગામે કોળી સેના સમિતિ દ્વારા વિદ્યાર્થી-કર્મચારી સન્માન સમારોહ યોજાયો

બાબરા,તા.૧૩

બાબરા કોળી સેના સમિતિ દ્વારા કોળી સેના યુવા પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને બાબરા તાલુકાના ખંભાળા ગામે વિદ્યાર્થી તથા કર્મચારી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોળી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, તાજેતરમાં સરકારી સેવામાં જોડાયેલા



કર્મચારીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓનું ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં મુખ્ય મહેમાનો તરીકે ડેપ્યુટી કલેકટર નાકિયા, જિલ્લા રજીસ્ટ્રાર અણિયાળીયા, લગ્ન નોંધણી અધિકારી બારૈયા, નાયબ મામલતદાર અલ્પેશભાઈ મકવાણા, પરિવર્તન એકેડેમીના સંચાલક મુકેશભાઈ સહિત સમાજ અગ્રણીઓ જગદીશભાઈ ધરજિયા, વલ્લભભાઈ ઝીંઝુવાડિયા, પ્રવીણભાઈ કોળી, રવજીભાઈ મકવાણા અને જગદીશભાઈ તળાજા ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીના મુળીયાપાટ પ્રાથમિક શાળાના આચાર્ય સેવા નિવૃત્ત થતા સન્માન સમારોહ યોજાયો

લાઠી,તા.૧૩

લાઠી તાલુકાના મુળીયાપાટ પ્રાથમિક શાળાના આચાર્ય હીરાભાઈ ખોડાભાઈ સોલંકી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ શિક્ષક તરીકેની ૩૩ વર્ષની લાંબી અને ઉત્કૃષ્ટ સેવા પૂર્ણ કરીને નિવૃત્ત થતા હોય, તેમના માનમાં એક નિવૃત્તિ સન્માન સમારોહનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં અમરેલી જિલ્લાના નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જી.એમ. સોલંકી સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા હીરાભાઈનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમનું આગળનું જીવન સુખમય તેમજ નિરોગી રહે તેવી હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.









# ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ એટલે જ્ઞાન, વિજ્ઞાન અને અભિજ્ઞાનનું સંગમ તીર્થ

અમરેલી,તા.૧૩

વિદ્યાર્થીના જીવનમાં પાયાનું શિક્ષણ એ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું મર્યાદિત નથી પરંતુ તે વિદ્યાર્થીના નૈતિક અને સામાજિક વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. સાથે સાથે વિદ્યાર્થીની વિચારશક્તિ અને સર્જનાત્મકતાને પણ પ્રોત્સાહન આપે છે. ઉપરાંત વિદ્યાર્થીને ભવિષ્યના શૈક્ષણિક અને વ્યવસાયિક પડકારો માટે તૈયાર કરે છે. આ તમામ પ્રકારના પાયાનું શિક્ષણ આપવાનું ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સએ બીડું ઝડપ્યું છે. ઓક્સફર્ડ સ્કૂલ અમરેલીના ઈતિહાસમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' ના ન્યાયે વિદ્યાર્થીઓ અને વાલીઓના સપનાને અનુરૂપ શિસ્ત, સંસ્કાર અને શિક્ષણ આપવાના વિઝન સાથે કામ કરે છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં વિજ્ઞાન શાખામાં ઉત્તમોત્તમ શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓની તેજસ્વીતા તથા પ્રતિભામાં નિખાર લાવી અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તથા શિક્ષણપ્રેમી નાગરિકોને શૈક્ષણિક સિધ્ધિના ભાગીદાર બનાવવાના મિશન સાથે આ સંસ્થા કામ કરી રહી છે. ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં શિક્ષકો એ જ સંચાલકો હોવાથી સમગ્ર કેમ્પસનું વાતાવરણ શિક્ષણમય જ છે. આ સંસ્થાના શિક્ષકો વિદ્યાર્થીઓની ખામીઓને ખૂબીઓમાં પરિવર્તિત કરે છે. આ બાબત શિક્ષકો વિદ્યાર્થીને પારખવાની પ્રક્રિયામાં નિરીક્ષણની કળા, વાતચીત અને સંવાદ, વૈવિધ્યપૂર્ણ પ્રવૃતિઓનું આયોજન, ખામીઓમાંથી સુષુપ્ત શક્તિ શોધવી, પડકારો અને તેનો સામનો વગેરે બાબતોનો ઉપયોગ કરવામાં આવે છે. સંસ્થાના વિદ્યાર્થીઓ વૈશ્વિક પરિસ્થિતિ અને પ્રવાહથી વાકેફ થાય તે હેતુથી દર મહિને કેરિયર કાઉન્સેલીંગ અને મોટીવેશનલ સેમિનાર રાખવામાં આવે છે. ઉપરાંત દર મહિને વાલી વિદ્યાર્થીઓની વિષય – શિક્ષકો સાથે રૂબરૂ મુલાકાત ગોઠવવામાં આવે છે. જેથી વાલી, વિદ્યાર્થી, શિક્ષકો, મેનેજમેન્ટ વચ્ચે એક સેતુ બાંધી શકાય. અમરેલી વિસ્તારના વિદ્યાર્થીઓને મોટા શહેરોના વિકલ્પે વતનમાં જ હાઈટેક શિક્ષણ







સુવિધા મળે અને રાજ્યના અન્ય તમામ તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધાત્મક તાકાત બતાવી તેમને સર્વોચ્ચ સ્થાનો તરફ મોકલવા તે ઓક્સફર્ડ સ્કૂલનો એકમાત્ર આદર્શ અને પ્રતિજ્ઞા છે. ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના છેલ્લા દસ વર્ષના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડના પરિણામોએ સંસ્થાની મહત્વાકાંક્ષાઓને ફળીભૂત કરતો પડદો પાડયો છે. સંસ્થામાંથી દર વર્ષે **NEET** પરિણામને આધારે ૮ થી ૧૦ વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ મેળવે છે જ્યારે **JEE / Gujcet/** બોર્ડ પરિણામને આધારે ગુજરાત રાજ્યની ટોપ એન્જિ. કોલેજો જેવી કે **DA–IICT, NIRMA, DDU, PDPU, L.D., BVM** વગેરેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. ધો. ૧૦ બોર્ડ પરિણામમાં એ-વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યાએ તો અમરેલી જિલ્લામાં ઈતિહાસ સર્જી દીધો છે. ધો.૧૨ કોમર્સ બોર્ડ પરિણામને આધારે ઘણા વિદ્યાર્થીઓ **C.A / C.S.** ની પ્રવેશ પરીક્ષા પાસ કરીને આગળનો અભ્યાસ કરી રહ્યા છે. આ તમામ પરિણામોમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોનો સહકાર છે. જેનાથી વર્ષોવર્ષ ઓક્સફર્ડના મૂકૂટમાં એક પછી એક યશકલગી ઉમેરાતી જ જાય છે. આપણે હવે એક એવા યુગમાં પ્રવેશ્યા છીએ કે જેમાં વિદ્યાર્થીના ચિત્તન અન્ય મનોરંજક બાબતો વારંવાર તાણી જાય છે. આજના શિક્ષણ જગત સામેનો આ એક નવો અને ભયાનક પડકાર છે અને આ પડકાર સંસ્થાએ ઝીલ્યો છે. ઓક્સફર્ડ સ્કૂલ વિદ્યાર્થીને અભ્યાસમાં રસ લેતો કરે છે પછીની આંખો અને પાંખો તો કુદરતે તેને આપી જ છે. મહાન ડોક્ટરો, મહાન એન્જિનિયરો અને મહાન મેનેજમેન્ટગુરૂ કક્ષાના વાણીજ્યપતિઓની પાયાની કેળવણીમાં જે સત્વ તત્વ હોવા જોઈએ એ પાયાપુરાણનું કામ સંસ્થા કરી રહી છે. ઓક્સફર્ડ સ્કૂલ જેટલું ધ્યાન વિદ્યાર્થીઓ માટે રાખે છે, સંચાલકો એટલું જ ધ્યાન શિક્ષકો માટે રાખે છે. શિક્ષકોની સજ્જતા જ સંસ્થાનું પ્રાણતત્વ છે. અમરેલી જિલ્લો વિદ્યામાં આદિ અને પ્રારંભતીર્થ એટલે આપણે સૌ વિદ્યાજગતના સર્વતોમુખી વિકાસ માટે બંધાયેલા છીએ. ઓક્સફર્ડ સ્કૂલની સિસ્ટમ, રહેવા માટેના અનુકૂળ વાતાવરણની હોસ્ટેલ, ફુલ-ડે સ્કૂલ અને પરિણામલક્ષી અભ્યાસ અને પરીક્ષાપધ્ધતિ આ તમામ બાબતોના સમન્વયથી સંસ્થા છેલ્લા દસ વર્ષથી જિલ્લામાં ઉત્કૃષ્ટ પરિણામ આપી વાલી-વિદ્યાર્થીઓના સપનાઓને સાકાર કરી રહી છે. કેળવણીના કબીરવડના છાયડા સમી અમારી સંસ્થામાં એક વિસામો લેવા જરૂરથી પધારશો.

**ધો.૧૨ કોમર્સ બોર્ડ પરિણામને આધારે ઘણા વિદ્યાર્થીઓ C.A / C.S. ની પ્રવેશ પરીક્ષા પાસ કરી છે**

# અમરેલીમાં મહિલા ઉત્થાન મંડળ દ્વારા તુલસીના રોપાનું વિતરણ

અમરેલી,તા.૧૩

અમરેલીના રાજકમલ ચોકમાં મહિલા ઉત્થાન મંડળ દ્વારા 'હર ઘર તુલસી ઘર ઘર તુલસી'ના ઉદ્દેશ્ય સાથે તુલસીના રોપાનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. તુલસીના રોપા સાથે દરેકને તુલસીના ઔષધિય ગુણો અને ઉપયોગો વિષેની માહિતી પત્રિકા અને " ઋષિ પ્રસાદ" તથા " લોક કલ્યાણ સેતુ " સાહિત્ય પણ ભેટ સ્વરૂપ આપવામાં આવ્યુ હતું. દરેક સમાજના લોકોએ તુલસીના રોપા મેળવી ધન્યતા અનુભવી હતી. આયુર્વેદમાં અને ભારતીય સંસ્કૃતિમાં તુલસી અને ગાયને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. ઔષધિય ક્ષેત્રે ગાય અને તુલસીની મહત્તા સર્વશ્રેષ્ઠ છે. જન સામાન્ય સુધી તુલસી અને તેના ઔષધિય ઉપયોગોની માહિતી પહોચી શકે એવા ઉદ્દેશ સાથે મહિલા ઉત્થાન મંડળ દ્વારા ઈ.સ. ૨૦૧૪ થી "વૃન્દા અભિયાન " ની શરુઆત કરવામાં આવી હતી.




# નીલવડા-વાંકીયા રોડના રિસર્ફેસીંગ માટે ત્રણ કરોડ મંજૂર કરાવતા જનક તળાવીયા

લાઠી,તા.૧૩

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોથી બાબરા તાલુકાના નીલવડા અને વાંકીયા ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરથી પસાર થતા પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. આ બંને ગામ વચ્ચેનો રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે ઉપયોગી છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રિસર્ફેસીંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.



# અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે બસ સ્ટોપ આપવા કિસાન સંઘની એસ.ટી. તંત્રને રજૂઆત

અમરેલી,તા.૧૩

અમરેલીના માર્કેટિંગ યાર્ડ ખાતે બસ સ્ટોપ આપવા કિસાન સંઘ દ્વારા એસ.ટી. તંત્રને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સાવરકુંડલા રોડ ઉપર જિલ્લાનું સૌથી મોટું માર્કેટિંગ યાર્ડ આવેલ છે. જે અમરેલી સીટીથી આશરે ૫ થી ૬ કિલોમીટર દુર થાય છે. આ યાર્ડમાં બહારગામથી હજારો ખેડૂતો જણસ વેચવા આવે છે. જણસ વેચ્યા પછી ખેડૂત પાસે રોકડા રૂપિયા હોય છે. ક્યારેક રાત્રે પણ જવું પડતુ હોય છે તેવા સંજોગોમાં આ યાર્ડ ઉપર એસ.ટી. સ્ટોપ નહીં હોવાથી ખેડૂતોને અન્ય ખાનગી વાહન દ્વારા, સાવરકુંડલા, ધારી-બગસરા વગેરે જગ્યાએ જવા માટે રોડ ઉપર રાહ જોઈને ઉભુ રહેવુ પડતું હોય છે. ખેડૂતો પાસે રૂપિયાનું જોખમ હોવાથી કયારેક લૂંટ થવાનો પણ ભય રહે છે. અહીં એસ.ટી. બસ સ્ટોપ નહીં હોવાથી ખેડૂતો—મજૂરો-તેમજ અન્ય લોકો ખુબ જ હેરાન થાય છે. આથી માર્કેટિંગ યાર્ડ ખાતે એસ.ટી. બસનું કાયમી સ્ટોપ આપવા માગણી કરવામાં આવી છે.

**વનવિભાગના ૩૫ જેટલા કર્મચારીઓ સીમ વિસ્તાર ખૂંદી રહ્યા છે**

# કણકોટ રેવન્યુ વિસ્તારમાં મળેલા સિંહણના મૃતદેહ બાદ વનખાતાના હવામાં બાચકા

અમરેલી,તા.૧૩

થોડા દિવસો પહેલા લીલીયાના કણકોટ ગામે રેવન્યુ વિસ્તારમાં સિંહણનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા વનવિભાગ ઘટનાસ્થળે દોડી ગયો હતો. જયાં તેમના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમાર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. ચર્ચાતી વિગતો મુજબ સિંહણનું મોત વીજશોકથી થયુ હોવાની શંકા છે. જો કે સાચી હકીકત વિસેરા રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે. સિંહણનું મોત શંકાસ્પદ હોવાથી વનવિભાગની ટીમ સિંહણનું મોત નિપજાવનારને શોધવા કામે લાગી છે. ૩૫ જેટલા વનવિભાગના કર્મચારીઓ સીમ વિસ્તાર ખૂંદી રહ્યાં છે. વનવિભાગે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ પણ નોંધાવી છે ત્યારે સિંહણનું મોત નિપજાવનારને પકડવા માટે વનવિભાગ છેલ્લાં ચાર દિવસથી હવામાં બાચકા ભરી રહ્યું છે. જયારે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સિંહણનું મોત કોઈ અન્ય જગ્યાએ થયું હોય અને તેના મૃતદેહને કણકોટના રેવન્યુ વિસ્તારમાં ફેંકી દેવામાં આવ્યો હોવાનું પણ ચર્ચાઈ રહ્યુ છે.


ફાઈલ ફોટો

**સિંહણના મોત બાદ તેના મૃતદેહને રેવન્યુ વિસ્તારમાં ફેંકી દીધાની આશંકા**

# બાબરાના લાલકા ગામે હાર્ટ એટેકથી પ્રૌઢનું મૃત્યુ




બાબરા, તા.૧૩

ઠંડીની શરૂઆત સાથે જ અમરેલી જિલ્લામાં પણ હાર્ટ એટેકના બનાવ સામે આવી રહ્યા છે. બાબરાના લાલકા ગામે હાર્ટ એટેકથી પ્રૌઢનું મૃત્યુ થયું હતું. નાજાભાઈ ધનાભાઈ સાનીયા (ઉ.વ.૩૯) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા ધનાભાઈ રૂડાભાઈ સાનીયા (ઉ.વ.૬૧) ને હાર્ટ એટેક આવતાં મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

**લાઠીના શેખપીપરીયા ગામે ઝેરી દવા પીધાનો બનાવ સામે આવ્યો**

લાઠીના શેખપીપરીયા ગામે ઝેરી દવા પીધાનો બનાવ સામે આવ્યો હતો.

# અમરેલીમાં લાયન્સ કલબ (મેઈન) દ્વારા રાહત દરે ફટાકડાના સ્ટોલનો પ્રારંભ

અમરેલી,તા.૧૩

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાહત દરે ફટાકડાનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. ભીડભંજન મંદિર પાસે આ ફટાકડાના સ્ટોલનું ઉદ્દ્ઘાટન કલબના પદાધિકારીઓ જયેશ પંડ્યા અને કૌશિક હપાણીએ કર્યું હતું. આ તકે લા. પ્રમુખ બકુલ ભટ્ટ, દિનેશભાઈ ભુવા, કાંતિલાલ વઘાસિયા, રજનીકાંત ધોરાજિયા, રાજુભાઈ પરીખ, નંદલાલ તળાવીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા બીજા સ્ટોલનું ઉદ્દ્ઘાટન ગાંધી બાગ પાસે લાયન નંદલાલ વઘાસીયા દ્વારા કરવાનું આયોજન છે. આ ફટાકડાના વેચાણથી જે આવક થશે તેનો ઉપયોગ જુદી જુદી સેવાકીય પ્રવૃત્તિમાં કરવામાં આવે છે.






**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૪૦/૨૦૨૫

અરજદાર :- શ્રી ચંપાબેન ભુરાભાઈ પરમાર
રહે. વાલ્મીકી વાસ, ગારીયાધાર, તા. ગારિયાધાર, જિ.ભાવનગર

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. તરકતળાવ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના તરકતળાવ ગામમાં અરજદારશ્રી ચંપાબેન ભુરાભાઈ પરમારએ તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૧/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# ચિતલમાં શ્રી પિલવાઈ માતાજીના ધામમાં વિવિધ કાર્યક્રમ યોજાશે

લીલીયા,તા.૧૩

ચિતલમાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ રોકળીયા દવે પરિવારના કુળદેવી શ્રી પિલવાઈ માતાજી ધામના પટાંગણમાં ૨૩-૧૦-૨૫ (લાભપાંચમ)ના રોજ ત્રિવિધ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત ૨૩મો ત્રિકુંડી શ્રીયજ્ઞ, પરિવારનું સ્નેહમિલન, ઈનામ વિતરણના કાર્યક્રમ યોજાશે. આ તકે સૌરાષ્ટ્રમાં વસતા રોકળીયા દવે પરિવારના સભ્યોને પધારવા આયોજકોનું નિમંત્રણ છે, તેમ મહેશભાઈ એચ. દવેની યાદીમાં જણાવેલ છે.



# વડીયામાં વીજતંત્રએ દિવાળી ટાણે જ પોત પ્રકાશ્યું, વીજકાપથી લોકોમાં રોષ

વડીયા,તા.૧૩

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયામાં PGVCL તંત્રની બેદરકારીને કારણે રવિવારે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

નવરાત્રિ પછીનો અને દિવાળી પહેલાંનો સમયગાળો ગૃહિણીઓ માટે ઘરની સફાઈનો મુખ્ય સમય ગણાય છે. આવા સમયે વીજળી અને પાણીની તાતી જરૂરિયાત ઊભી થાય છે, ત્યારે જ વડીયા પીજીવીસીએલ તંત્રને મેન્ટેનન્સની કામગીરી કરવાનું સૂઝ્યું હતું. પીજીવીસીએલ દ્વારા સોશિયલ મીડિયા ગ્રુપોમાં જેટકોના મેન્ટેનન્સને કારણે સવારે ૮ વાગ્યાથી ૨ વાગ્યા સુધી વીજકાપ રાખવાની નોટિસ આપવામાં આવી હતી, પરંતુ નોટિસની વિરુદ્ધમાં સવારે ૮ના બદલે ૭ વાગ્યે



જ વીજકાપ શરૂ કરી દેવામાં આવ્યો હતો, અને બપોરે ૨:૩૫ વાગ્યે વીજ પુરવઠો પૂર્વવત્ થયો હતો. દિવાળીના સફાઈ અભિયાનની મોસમમાં આ લાંબા વીજકાપથી વડીયાની ગૃહિણીઓના ઘરકામ સંપૂર્ણપણે ખોરવાઈ ગયા હતા. વીજળી ન હોવાથી ગ્રામ પંચાયત દ્વારા પાણી વિતરણમાં પણ ફરજિયાત પાણીકાપ મૂકવો પડ્યો હતો. વીજકાપના કારણે ગરમીમાં લોકો શેકાઈ ગયા હતા. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે 'દિવાળી ટાણે જ રિપેરિંગ સૂઝે છે,' અને ઘરે ઘરે વીજકર્મીઓ વિરુદ્ધ કકળાટ જોવા મળ્યો હતો.

**૭ કલાક જેટલા વીજકાપથી ગૃહિણીઓએ પણ પરેશાની ભોગવી**

**'જાડી ચામડીના' અધિકારીઓની મનમાની**

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, જેટકોનું મેન્ટેનન્સ તો સવારે ૧૦:૪૫ વાગ્યા સુધીમાં પૂર્ણ થઈ ગયું હતું અને પાવર ચાલુ કરી આપવા જણાવાયું હતું, પરંતુ પીજીવીસીએલના 'જાડી ચામડીના' અધિકારીઓના મનસ્વી નિર્ણયોને કારણે વીજકાપ લંબાવવામાં આવ્યો હતો. લોકોએ સતત ફોન કરવા છતાં બે કલાક બાદ વીજળી આવવાની અસ્પષ્ટ માહિતી અપાઈ હતી. અંતે, સ્થાનિક પત્રકારો દ્વારા પૂછપરછ રૂપી કોલ કરવામાં આવતા જાણે ડહાપણ આવ્યું હોય તેમ વીજળી ચાલુ કરવામાં આવી હતી. આ 'ઢંગધડા વગરના' આયોજનથી સમગ્ર વડીયાના લોકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

# સાવરકુંડલામાંથી વિદેશી દારૂની ૯૧ બોટલ સાથે યુવક ઝડપાયો

સાવરકુંડલા, તા.૧૩

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાના વધુ એક કિસ્સામાં, પોલીસે સાવરકુંડલામાંથી એક આરોપીને ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. ભાવેશભાઈ દુલાભાઈ ચીપરા (ઉ.વ.૨૮) પાસેથી કોઈપણ પાસ કે પરમિટ વિના ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઝડપાયેલા આરોપી પાસેથી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૯૧ બોટલ મળી હતી. પોલીસે રૂ. ૧૭,૧૮૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેણે જથ્થો સુરતના કીશનભાઈ પારશીંગભાઈ રાઠવા પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. વંડા ગામે મહિલા પાસેથી બે લીટર દેશી દારૂ પકડાયો હતો. જ્યારે વિવિધ સ્થળેથી ૯ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.

# અમરેલીના વડેરા ગામે વાહકજન્ય રોગ અંતર્ગત કામગીરી કરાઈ

અમરેલી,તા.૧૩

અમરેલીના વડેરા ગામ ખાતે વાહકજન્ય રોગ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને બંધીયાર પાણીમાં થાય છે તે અંગે વડેરા ગામના લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું તથા લોકોને સમજાવવામાં આવ્યું કે પોતાના ઘરની અગાશીમાં, ફળિયામાં કે ઘરની આજુ-બાજુમાં



કોઈપણ ભંગાર અથવા ડબ્બા-ડુબલી, ટાયર, પક્ષીકુંડ હોય તેમાં વરસાદનું પાણી ન ભરાય તે રીતે રાખવા અથવા તેનો નિકાલ કરવા અંગે પણ આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. ગામના ૩૨ જેટલા ઘરના ૩૫ ખુલ્લા પાણીનાં ટાંકામાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવી હતી. આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી. રાજ્યગુરૂ, કિરણબેન દુધાત, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવે જહેમત ઉઠાવેલ હતી.

# ઘોબા ગામે શેરીમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે પત્તા ટીચતાં પાંચ પકડાયા

**વંડા પોલીસે રોકડા રૂ.૧૧,૬૦૦ સાથે ઝડપ્યા**

વંડા, તા.૧૩

ઘોબા ગામે જાહેર શેરીમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતાં પાંચ ઈસમો રોકડા ૧૧,૬૦૦ સાથે ઝડપાયા હતા. રાજુભાઈ ધીરૂભાઈ ઓગણીયા, જયસુખભાઈ બાલાભાઈ ચુડાસમા, મનુભાઈ ગુલમહમદભાઈ દલ, કરણભાઈ હીમતભાઈ મકવાણા તથા ઘુઘાભાઈ વશરામભાઈ પરમાર જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતાં રોકડા ૧૧,૬૦૦ સાથે ઝડપાયા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એમ. મેર વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયા તાલુકાના તોરી ગામે વાળંદે ગાળો આપવાની ના પાડતાં તલવારની મુંધરાટી મારી

**ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપી**

વડીયા, તા.૧૩

વડીયાના તોરી ગામે એક વાળંદે ગાળો આપવાની ના પાડતાં તલવારની મુંધરાટી મારી હતી. તેમજ ઈજા પહોંચાડીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે જીગ્નેશભાઈ ગભરૂભાઈ મયાત્રા (ઉ.વ.૪૨) એ ચીરાગપરી ચંદુપરી ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, તેમના ઘર પાસે આરોપી નાની-મોટી ચીજવસ્તુઓ મૂકી જતો હતો. જેથી તેમણે આ બાબતે આરોપીને ત્યાં વસ્તુઓ મૂકવાની ના પાડી હતી. આ અંગે આરોપીને સારું ન લાગતા તેણે જેમ ફાવે તેમ ગાળો આપી હતી. જ્યારે ફરિયાદીએ ગાળો આપવાની ના પાડી, ત્યારે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાના ઘરમાંથી તલવાર લઈને આવ્યો હતો. આરોપીએ તલવાર વડે ફરિયાદી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને શરીરના વિવિધ ભાગો પર મુંઢ ઈજાઓ પહોંચાડી હતી તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

**રામકથાના આયોજન બાબતે**

# લાઠીના અકાળા ગામે મંડપનો ડોમ સળગાવી દેવાની ધમકી આપી

**જાનથી મારવાની પણ ધમકી દીધી**

લાઠી, તા.૧૩

લાઠીના અકાળા ગામમાં ધાર્મિક કાર્યક્રમના આયોજનને લઈને વિવાદ સામે આવ્યો હતો. સમસ્ત ગામ દ્વારા અમરદાસ બાપુના આશ્રમ સામે ચાલી રહેલી રામકથામાં આરોપીએ પ્રવેશ કરીને આયોજકોને ગાળો આપી હતી અને સમગ્ર મંડપનો ડોમ સળગાવી દેવાની ગંભીર ધમકી આપી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બનાવ અંગે હિતેષભાઈ કનુભાઈ રાખોલીયા (ઉ.વ.૩૮)એ વિપુલભાઈ રમેશભાઈ હેલૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત વિગત અનુસાર અકાળા ગામના લોકોએ એકસાથે મળીને અમરદાસ બાપુના આશ્રમની સામેના વિસ્તારમાં રામકથાના આયોજન માટે તૈયારીઓ કરી હતી.

આ આયોજન માટે જમીન ભાડા પેટે લેવામાં આવી હતી અને જિલ્લા કલેક્ટર સાહેબની મંજૂરી પણ કાયદેસર રીતે મેળવવામાં આવી હતી. જોકે, આ સમગ્ર આયોજન આરોપીને 'સારું નહી લાગતા' તેણે વિરોધ દર્શાવ્યો હતો. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આરોપીએ કથા સ્થળની સામે રોડ ઉપર આવીને ફરિયાદી અને સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

મૌખિક બોલાચાલી બાદ આરોપી વધુ ઉશ્કેરાયો હતો અને તેણે ગામના લોકોની આસ્થાને આઘાત પહોચાડતો હોય તેમ રામકથા માટે બનાવેલ મંડપનો ડોમ સળગાવી દેવાની ધમકી આપી હતી. આ ઉપરાંત, આયોજન કરનારાઓને જાનથી મારી નાખવાની ધમકી આપીને તેણે આ વિસ્તારમાં ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. આ બનાવના પગલે ધાર્મિક કાર્યક્રમમાં અડચણ ઊભી થતાં ગામલોકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા. ૧૪-૧૦-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૦,
સૂર્યાસ્ત-૦૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૧૪-૧૦-૨૦૨૫ મંગળવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથે અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, સાંજ સુધીમાં બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

**બાબરાના ગળકોટડી ગામ નજીક કૈલાશ ટેકરી ખાતે**

# બ્રહ્મલીન પૂ. ભવાનીબાપુની પ્રથમ પુણ્યતિથિએ ધાર્મિક કાર્યક્રમ યોજાશે

બાબરા,તા.૧૩

બાબરા તાલુકાના ગળકોટડી ગામ નજીક આવેલા કૈલાસ ટેકરી ખાતે બ્રહ્મલીન પૂજ્ય ભવાનીબાપુ (કૈલાસબાપુ)ની પ્રથમ પુણ્યતિથિ નિમિતે ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭ ઑક્ટોબર શુક્રવારના રોજ પૂ. ભવાનીબાપુની ચલિત મૂર્તિ પ્રતિષ્ઠા, લઘુરૂદ્ર યજ્ઞ, ભજન-ભોજન ભંડારો તથા ધર્મસભા જેવા પાવન પ્રસંગો ઉજવાશે. આ આયોજનની પૂર્વસંધ્યાએ તા. ૧૬ ઑક્ટોબર રાત્રે ૯.૦૦ કલાકે ધાન્યાધીવાસ વિધિ યોજાશે. મુખ્ય પ્રસંગ તા. ૧૭ ઑક્ટોબર બપોરે ૧૨.૧૫ કલાકે મૂર્તિ પ્રતિષ્ઠા અને સવારે



૭.૩૦ કલાકે યજ્ઞ હેમાદ્રી વિધિ, સવારે ૮.૩૦ કલાકે પૂજા પ્રારંભ, સાંજે ૪.૩૦ કલાકે યજ્ઞ પૂર્ણાહુતિ અને ધર્મસભા તથા સાંજે ૫.૦૦ કલાકે ભોજન પ્રસાદનું આયોજન રહેશે. રાત્રે ૧૦.૦૦ કલાકે સંતવાણી કાર્યક્રમ યોજાશે.

**રાત્રિના સંતવાણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું**

# સાવરકુંડલા તાલુકાના બોરાળા ગામની સીમમાંથી કેબલ વાયર અને સ્ટાર્ટરની ચોરી

**કુલ ૫૬,૫૦૦ની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ**

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલાના બોરાળા ગામની સીમમાંથી કેબલ વાયર અને સ્ટાર્ટર મળીને રૂપિયા ૫૬૫૦૦ની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ સંદર્ભે પરેશભાઈ બટુકભાઈ સેંદડીયા (ઉ.વ.૩૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, બોરાળા ગામની સીમમાં શેત્રુંજીના કાંઠે આવલી તેમની વાડીમાંથી આશે ૧૦૦ ફૂટ કેબલ વાયર અને મોટરનો ફ્યૂઝ-સ્ટાર્ટર તથા સાહેદોની વાડીઓમાંથી આશરે ૪૩૦ ફૂટ કેબલ વાયરની ચોરી થઈ હતી. કુલ મળીને આશરે ૫૬૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

**સિંહોના આંટાફેરાથી ગ્રામજનોમાં ભયનો માહોલ**

# રાજુલાના કોવાયા ગામમાં નવ સિંહોનું ટોળુ ગામમાં ઘૂસી આવ્યું

અમરેલી,તા.૧૩

રાજુલા તાલુકાના કોવાયા ગામમાં મોડી રાત્રે એકસાથે નવ સિંહોનું ટોળું શિકારની શોધમાં ગામની શેરીઓમાં પ્રવેશ્યું હતું. વાયરલ થયેલા વીડિયોમાં આ નવ સાવજો શ્વાનની માફક આંટાફેરા કરતા સ્પષ્ટપણે જોઈ શકાય છે. એક દુકાન પાસેથી પણ તેઓ



પસાર થયા હતા. સ્થાનિકોએ આ દશ્યો મોબાઈલમાં કેદ કર્યા હતા, જેને પગલે ગામમાં ભયનો માહોલ ફેલાયો છે.

**સ્થાનિકોએ સિંહના ટોળાના દશ્યો કેમેરામાં કેદ કર્યા**

# ચલાલા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ મેલડી માતાજીના મંદિરે રાસ-ગરબા યોજાયા

ચલાલા,તા.૧૩

ચલાલા ખાતે મેલડી માતાજીના મંદિરે રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દાનબાપુએ સ્થાપના કરેલ મેલડી માતાજીના મંદિરે દર વર્ષે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે. ભીખુભાઈ માળવીયા અને તેમની ટીમ દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં



આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયા, મહાવીર બાપુ, ઉદય બાપુ, મહેશભાઈ મહેતા, પાલિકા પ્રમુખ પ્રતિનિધિ ભયલુભાઈ વાળા, પીએસઆઈ વસૈયા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના હાજર રહ્યા**

# બોટાદના હડદડમાં ભાજપે બુટલેગરોને સાથે રાખી ઘર્ષણ કરાવ્યું : આમ આદમી પાર્ટી

બોટાદ,તા.૧૩

બોટાદના હડદડમાં થયેલા ઘર્ષણમાં ભાજપના સમર્થકોએ પથ્થરમારો કર્યો હોવાનો આમ આદમી પાર્ટીએ આક્ષેપ લગાવ્યો છે. હડદડમાં ખેડૂતો સાથેની સભામાં ભાજપે બુટલેગરોને સાથે રાખી ઘર્ષણ કરાવ્યું હોવાનો પણ આક્ષેપ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવી રહ્યો છે. જેને લઈને આમ આદમી પાર્ટીએ આજના દિવસને 'કાળો દિવસ' તરીકે વિરોધ



કરવાની જાહેરાત કરી છે. તેમજ APMCમાં ચાલતી લૂંટનો પર્દાફાશ કરવા માટે ખેડૂતો માટે નંબર પણ જાહેર કર્યો છે. તેમજ આગામી સમયમાં ૪૦૦થી વધુ APMCમાં ખેડૂતો સામે ચાલતી લૂંટ બંધ કરવા માટે આંદોલન કરવાની પણ જાહેરાત કરી છે. રાજ્યભરની ૪૦૦થી વધુ APMCમાં ચાલતી લૂંટનો પર્દાફાશ કરવાની જાહેરાત કરતા આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી જણાવે છે કે, અમે બોટાદ જ નહીં ગુજરાતમાં ૪૦૦થી વધુ APMCમાં ૧૦૦ ટીમ બનાવી લૂંટનો પર્દાફાશ કરીશું. ખેડૂતો માટે ૯૧૦૪૯ ૧૮૧૯૬ હેલ્પલાઈન નંબર જાહેર કરીએ છીએ. ખેડૂતો હેલ્પલાઈન નંબર પર ફરિયાદ કરશે તો અમારી ટીમ APMC પર પહોંચીને લૂંટનો પર્દાફાશ કરશે.

# રાજ્ય સરકારનો મોટો નિર્ણય : દિવાળીની રાત્રે ૮ થી ૧૦ સુધી ફટાકડા ફોડી શકાશે

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત સરકારે દિવાળી પહેલા મોટો નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટના આદેશને પગલે રાજ્ય સરકારે વિદેશી કે ચાઈનીઝ ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેર જગ્યાઓ ઉપર પણ ફટાકડા નહીં ફોડી શકાય એ પ્રકારની ગાઈડલાઈન જાહેર કરી છે. રાજ્યમાં આ દિવાળીએ ચાઈનીઝ ફટાકડાનું વેચાણ નહિ કરી શકાય. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. વિદેશથી ફટાકડાની આયાત પણ નહીં કરી શકાય. સુપ્રીમ કોર્ટે ભારે ઘોંઘાટ કરતા ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેરમાં ફટાકડા ન ફોડવા મુદ્દે પણ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે મુજબ, રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. દિવાળી દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા બાબતે સૂચનાઓ જાહેર કરાઈ છે. ગૃહ વિભાગે જાહેરમાં ફટાકડા ફોડવા



બાબતે સૂચનાઓ જાહેર કરી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ નિશ્ચિત સમયમાં જ ફટાકડા ફોડી શકાશે. રાત્રે ૮ થી ૧૦ દરમિયાન ફટાકડા ફોડી શકાશે. વધુ ઘોંઘાટ કરતા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકાયો છે. તેમજ ફટાકડાનું ઈ કોમર્સ વેબસાઈટ પર પણ વેચાણ નહિ થઈ શકે. સુપ્રીમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એનિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયનાં તમામ પ્રકારનાં ફટાકડાનાં ઉત્પાદન અને વેચાણ પર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

# સીજેઆઈ પર જુતૂં ફેંકવાની ઘટનાને શરમજનક ગણાવતા એડવોકેટ મેહુલ રાઠોડ

અમરેલી,તા.૧૩

સુપ્રીમ કોર્ટમાં વકીલ રાકેશ કિશોરે માનનીય ચીફ જસ્ટિસ ગવઈ સાહેબ સામે જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. ન્યાયતંત્રના ઈતિહાસમાં આ શરમજનક ઘટના છે. ૭૧ વર્ષીય વકીલ કિશોરે 'સનાતન ધર્મ કા અપમાન નહીં સહેગા હિન્દુસ્તાન' ના નારા લગાવ્યા હતા. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) એ તાત્કાલિક કાર્યવાહી કરીને વકીલ રાકેશ કિશોરને પ્રેક્ટિસમાંથી સસ્પેન્ડ કરી



દીધા છે. ચીફ જસ્ટિસ ગવઈ સાહેબે વિચલિત થયા વગર કહ્યું કે, "મને આનાથી કોઈ જ ફેર પડતો નથી, દલીલો ચાલુ રાખો." જુતૂં ફેંકવાની શરમજનક ઘટનાને એડવોકેટ મેહુલ રાઠોડે વખોડી કાઢી હતી.

# થાનગઢમાં જૂથ અથડામણની ઘટના : સામસામી ફરિયાદ નોંધાઈ

સુરેન્દ્રનગર,તા.૧૩

થાનગઢના ટાઉન ચોક હાઈસ્કૂલ પાસેના વિસ્તારમાં જૂથ અથડામણ થઈ હતી. જેમાં બે રાઉન્ડ ફાયરિંગ પણ થયું. ઘટનામાં બંને પક્ષોએ સામસામી પોલીસ ફરિયાદ નોંધાવી છે. બંને પક્ષો વચ્ચે જમીનના શેઢા બાબતે અનેક વખતે બોલાચાલી થઈ છે. પરંતુ ત્યારે કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી. દીપેનભાઈ અને જયપાલે બંનેએ સામસામી ફરિયાદ નોંધાવી છે. દીપેનભાઈની ફરિયાદ પ્રમાણે જયપાલ ઉર્ફે




ભાણાએ પોતાની પાસેના ગેરકાયદેસર હથિયાર વડે બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જ્યારે અન્ય આરોપીઓએ ધોકા વડે હુમલો કરી તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જયપાલ ઉર્ફે ભાણો અને રઘુભાઈ સિંધવની ફરિયાદ પ્રમાણે દીપેનભાઈ ભરાડ અને તેમના પિતા તેમજ પ્રતિકભાઈ ભરાડ અને તેમના પિતાએ ધોકા અને તલવાર વડે હુમલો કરી તેઓને માથાના અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હાલ તો બંને પક્ષના ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. થાનગઢ પોલીસે બાકીના આરોપીઓને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

# 'વિકાસ સપ્તાહ' અંતર્ગત ક્વિઝમાં ઈનામ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળવાની તક


અમરેલી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં ઉજવાઈ રહેલ "વિકાસ સપ્તાહ" અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા My Gov Indiaના સહયોગથી વિકાસ સપ્તાહ ક્વિઝ કોમ્પિટીશન શરૂ કરવામાં આવી છે. આ સ્પર્ધામાં વિજેતા બનનાર ગુજરાતના ટોચના ૧૦ વિજેતાઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મળવાની તક મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ મૂકી, સૌને વિકાસ સપ્તાહ ક્વિઝ કોમ્પિટીશનમાં સહભાગી થવાની અપીલ કરી છે. સ્પર્ધકો ઓનલાઈન લિંક https://quiz.mygov.in/quiz/vikas-saptah-quiz-2025/ દ્વારા સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કુશળતાનો પરિચય આપી ઈનામ જીતવાની તક પ્રાપ્ત કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૫,૦૦૦, દ્વિતીય વિજેતા રૂ.૧૦,૦૦૦ અને તૃતીય વિજેતાને રૂ.૫,૦૦૦ ઈનામ આપવામાં આવશે.

# ઊનાના સેજલીયામાં દીપડાનો આતંક, ગામમાં ઘૂસી અનેક પશુનું મારણ કર્યું

ઉના,તા.૧૩

ઊનાના સેજલીયા ગામે લાંબા સમયથી દીપડાઓનો આતંક જોવા મળી રહ્યો છે. આ દીપડા દિવસ-રાત ગામની શેરીઓમાં ઘૂસીને ગ્રામજનોએ પાળેલા ગાય, ભેંસ અને બકરાંનું મારણ કરી રહ્યા છે, જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ છે. ગ્રામજનોની ફરિયાદોને પગલે, સેજલીયા ગ્રામ પંચાયતના સરપંચ ભોળાભાઈ ભાલિયાએ વનવિભાગના અધિકારીઓને લેખિત રજૂઆત કરી પાંજરા મૂકવાની માંગણી કરી હતી. જોકે, વનવિભાગ દ્વારા આ બાબતે આંખ આડા કાન કરવામાં આવતા ગ્રામજનોમાં



રોષ વ્યાપ્યો છે. સેજલીયા ગામ દરિયાઈ સીમા વિસ્તારમાં આવેલું છે, જ્યાં બાવળના વૃક્ષો મોટા પ્રમાણમાં કુદરતી રીતે ઉગી નીકળ્યા છે. આ ગાઢ ઝાડીઓમાં દીપડાઓએ વસવાટ કર્યો છે. આ દીપડાઓ કોઈપણ સમયે ગામની વચ્ચે માનવ વસ્તીની શેરી-ગલીઓમાં ભટકતા જોવા મળે છે. રહેણાંક વિસ્તારોમાં બાંધેલા કિંમતી પશુધનનો શિકાર કરીને તેઓ વારંવાર પશુઓને મોતને ઘાટ ઉતારી રહ્યા છે. આના કારણે ખેડૂતો અને ગ્રામજનો આર્થિક નુકસાન વેઠી રહ્યા છે. આ દીપડા મકાનોની અગાસીઓ પર પણ ચડી જાય છે. રોડ-રસ્તાઓ અને કાંટાળા બાવળ વચ્ચે છુપાઈને બેઠા રહેતા આ દીપડા અચાનક તરાપ મારીને દૂધાળા પશુઓનું મારણ કરે છે.

# અમરેલી માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન તરીકે ચંદુભાઈ પોલરાની બિનહરીફ વરણી

અમરેલી,તા.૧૩

સોમવારના રોજ અમરેલી માર્કેટયાર્ડનાં વાઈસ ચેરમેનની ચૂંટણી માર્કેટયાર્ડના ચેરમેન ભાવિનભાઈ સોજીત્રાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. આ વાઈસ ચેરમેનની ચૂંટણીમાં ૧૯ ડીરેકટરોએ મત આપવાના હોય છે. માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન તરીકે ચંદુભાઈ પોલરા રહે.અમરેલીની



દરખાસ્ત રોકડ સુરેશભાઈએ મુકેલ અને તેને કાળુભાઈ ભંડેરીએ ટેકો આપેલ હતો. બીજા કોઈ ડીરેકટરનું વાઈસ ચેરમેન તરીકે ફોર્મ ભરાયેલ ન હતું. વાઈસ ચેરમેન તરીકે માત્ર એક જ ફોર્મ ચંદુભાઈ પોલરાનું આવતા ચૂંટણી અધ્યક્ષ ભાવિનભાઈ સોજીત્રાએ ચંદુભાઈ પોલરાને બિનહરીફ ચુંટાયેલ જાહેર કરેલ હતા. વાઈસ ચેરમેન તરીકે ચંદુભાઈ પોલરા બિનહરીફ ચુંટાતા તેમના સમર્થકો અને ચાહકોએ ફુલહારથી તેઓને વધાવી લીધેલ હતા. બજાર સમિતિના તમામ ડીરેકટરો, માર્કેટયાર્ડના વેપારી તેમજ મિત્રોએ ફુલહાર કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુજરાત એસ.ટી.માં દિવાળી નજીક આવતા જ એડવાન્સ બુકીંગમાં ઉછાળો

**સુરતથી સૌરાષ્ટ્રનાં રૂટો માટે ૨૬૮- બસોનું ગ્રુપ બુકીંગ થઈ ગયુ**

ગાંધીનગર,તા.૧૩

એસ.ટી.માં હવે દિવાળીનાં તહેવારો દેખાવા લાગ્યા છે અને તહેવાર આડે માત્ર સપ્તાહ જ બાકી છે. ત્યારે, એસ.ટી. બસ સ્ટેન્ડમાં મુસાફરોની ભીડ દેખાવા લાગી છે. તો એડવાન્સ બુકીંગ પણ રૂટીન કરતા ડબલ થઈ ગયું છે. એસ.ટી.નિગમનાં સૂત્રોમાંથી, પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ નિગમમાં દૈનિક ૬૦ થી ૭૦ હજાર ટિકીટોનું બુકીંગ થાય છે. તેની સામે હવે બુકીંગ ડબલ થઈ ગયુ છે. હાલમાં દૈનિક એકથી દોઢ લાખ ટિકીટોનું એડવાન્સ બુકીંગ થઈ ગયું છે. ખાસ કરીને એસ.ટી.માં સુરતથી સૌરાષ્ટ્રનાં જુદા-જુદા રૂટો માટે સૌથી વધુ એડવાન્સ બુકીંગ થયું છે. એસ.ટી. નિગમનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ ગત તા.૧૨ સુધીમાં જ સુરતથી સૌરાષ્ટ્રનાં રૂટો માટે ૨૬૮- બસોનું ગ્રુપ બુકીંગ થઈ ગયુ છે અને આ ગ્રુપ બુકીંગ થકી જ નિગમને વધારાની આવક થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે એસ.ટી.નિગમ દિવાળીનાં તહેવારો અનુસંધાને ૪ હજારથી વધુ એકસ્ટ્રા બસો દોડાવનાર છે. સૌથી વધુ સુરતથી સૌરાષ્ટ્ર માટે બસો દોડાવાશે.

# મહુવા માર્કેટિંગ યાર્ડ ડુંગળીમાં દેશનું પ્રથમ અને મગફળીમાં સૌરાષ્ટ્રનું ત્રીજા નંબરનું મોટું કેન્દ્ર

મહુવા, તા.૧૩

મહુવા માર્કેટિંગ યાર્ડમાં ચેરમેન ગભરૂભાઈ કામળીયા, વાઈસ ચેરમેન બાબુભાઈ જોલીયા તથા સેક્રેટરી વિશાલભાઈ પાંચાણીની ઉપસ્થિતિમાં માર્કેટિંગ યાર્ડની સિદ્ધિઓ અને ખેડૂતલક્ષી સુવિધાઓ અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતુ કે, ૧૯૫૮માં સ્થાપિત થયેલા મહુવા માર્કેટિંગ યાર્ડનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને તેમની ખેત પેદાશના પોષણક્ષમ ભાવો મળી રહે અને તેઓ છેતરાય નહીં તે માટે 'ખુલ્લી હરાજી, ખરો તોલ અને રોકડા નાણાં'ના સિદ્ધાંત પર કામ કરવાનો છે. મહુવા યાર્ડ ડુંગળીમાં દેશભરમાં પ્રખ્યાત છે, જેમાં ખાસ કરીને સફેદ ડુંગળી માટે દેશનું પ્રથમ નંબરનું અને મગફળીમાં પણ સૌરાષ્ટ્રનું ત્રીજા નંબરનું કેન્દ્ર છે. ગુજરાતમાં માત્ર મહુવા માર્કેટિંગ યાર્ડમાં જ નાળિયેરની હરાજી થાય છે. અહીં ૧૬૦ જેટલા ડીહાઈડ્રેશન પ્લાન્ટ્સ, ઓઈલ મિલો અને પીનટ બટરના કારખાનાઓ આવેલા હોવાથી વેપારીઓની મોટી સંખ્યા હોય છે, જેના કારણે સમગ્ર



સૌરાષ્ટ્રમાંથી ખેડૂતો ડુંગળી અને ૧૦૦ કિલોમીટરના વિસ્તારમાંથી મગફળી વેચવા આવે છે. આ યાર્ડ ૧૦૦ વીઘામાં પથરાયેલું છે અને ડુંગળીની સિઝનમાં ઉતારવાની વ્યવસ્થા માટે બીજી ૩૦૦ વીઘા જેટલી જમીન ભાડે રાખીને વ્યવસ્થા કરવામાં આવે છે. અહીં ખેડૂતોને પીવાનું ઠંડુ મિનરલ પાણી, રાહત દરે જમવાનું અને રહેવાની ઉત્તમ સુવિધાઓ સહિત વે-બ્રિજ વગેરે ઉપલબ્ધ છે. યાર્ડનું તમામ વહીવટી કામકાજ કમ્પ્યુટરાઈઝ્ડ હોવાથી સરળતાથી ચાલે છે. ખેડૂતોના માલનું પૂરતું રક્ષણ કરવામાં આવે છે, અને કમોસમી વરસાદમાં માલ ન પલળે તે માટે પ્લાસ્ટિક પણ આપવામાં આવે છે. જણસી ગુમ થવાના કોઈ બનાવ બને તો વળતર પણ ચૂકવવામાં આવે છે. બજાર ફંડમાંથી વાર્ષિક અંદાજિત રૂપિયા બે કરોડ જેટલી રકમ ખેડૂતોને સહાયરૂપ થવા પાછળ વાપરવામાં આવે છે, જેમાં રૂ.૩ લાખનું ખેડૂત અકસ્માત વીમા કવચ, મેડિકલ સહાય, ડ્રીપ ઈરીગેશન, તાલપત્રી અને દવા છંટકાવના પંપ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ઉદ્‌બોધનનું જીવંત પ્રસારણ યોજાયું

કોડીનાર,તા.૧૩

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), કોડીનાર દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સમગ્ર દેશના ખેડૂતોને સંબોધન કરતું જીવંત પ્રસારણ યોજવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ પુસા ખાતેથી 'ધન ધાન્ય કૃષિ યોજના' અને 'રાષ્ટ્રીય કઠોળ મિશન'નું લોકાર્પણ કર્યું હતું, જેની જાહેરાત વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ૧૦,૦૦૦ ખેડૂત ઉત્પાદક



સંગઠનો (FPO)માં ૫૦ લાખ ખેડૂત સભાસદોનો સીમાચિહ્ન હાંસલ કરવાની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. જેમાં ૧ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા ૧૧૦૦ થી વધુ FPOની સ્વીકૃતિનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન હેઠળ ૧ લાખથી વધુ ખેડૂતોની નોંધપાત્ર સિદ્ધિઓની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ જીવંત પ્રસારણ કાર્યક્રમમાં કેબિનેટ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના ઉદ્‌બોધનનું પણ પ્રસારણ યોજાયું હતું. જેમાં ઉમાશંકર ચૌધરી (C.P.M-એસીલ., અંબુજાનગર), દેવેન્દ્ર ચૌહાણ (એન્વાયર્મેન્ટ હેડ, અંબુજાનગર), ડી.બી. વઘાસિયા (જનરલ મેનેજર, અંબુજા ફાઉન્ડેશન), ડો. પુષ્પકાન્ત સ્વર્ણકાર (પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, ગીર સોમનાથ) સહિત વિવિધ વિભાગના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રપતિના આગમન સમયે સોમનાથમાં બાળકોના મંત્રોચ્ચારનો વિરોધ: સોમનાથ ટ્રસ્ટે સ્વાર્થી તત્વોના કૃત્યને અશોભનીય ગણાવ્યું

ગીર સોમનાથ,તા.૧૩

સોમનાથમાં ગત તા. ૧૦/૧૦/૨૦૨૫ ના રોજ દેશના મહામહિમ રાષ્ટ્રપતિજીના આગમન સમયે સોમનાથ ટ્રસ્ટની સંસ્કૃત પાઠશાળાના નાના વિદ્યાર્થીઓએ મંદિરના સભા મંડપના એક ખૂણે ઊભા રહીને મંગલમય મંત્રોચ્ચાર દ્વારા તેમને હૃદયપૂર્વક આવકાર્યા હતા. ત્યારે, ટ્રસ્ટે દુઃખ સાથે જણાવ્યું છે કે, પ્રભાસ પાટણમાં પોતાના અંગત સ્વાર્થ અને સંકુચિત



માનસિકતાથી પ્રેરિત અમુક તત્વોએ નિર્દોષ બાળકો દ્વારા કરાતા આ શુદ્ધ મંત્રજાપનો અશોભનીય અને ગેરવ્યાજબી વિરોધ કર્યો છે.

ગઈકાલે લગભગ ૧૦૦ જેટલા લોકોનું એક ટોળું, કોઈપણ પરવાનગી વગર, સ્વાર્થની ભાવનાથી પ્રેરાઈને, ટ્રસ્ટના જનરલ મેનેજરના કાર્યાલયમાં ધસી આવ્યું હતું અને નાના બાળકોના આ પવિત્ર મંત્રોચ્ચાર સામે વિરોધ કર્યો હતો. ટ્રસ્ટે સ્પષ્ટતા કરી છે કે તેમનું આ કૃત્ય માત્ર બાળકોનો વિરોધ નથી, પરંતુ સંસ્કૃત શિક્ષણના ભગીરથ કાર્ય માટે એક અપમાનજનક ઘટના છે. આ તત્વો પાઠશાળાના બાળકોને ફરી ક્યારેય મંદિર પરિસરમાં મંત્ર જાપ કરવા દેવામાં ન આવે તેવી અત્યંત ગેરવ્યાજબી માંગ કરી રહ્યા છે. સોમનાથ ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું છે કે તે કોઈપણ જ્ઞાતિ, જાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના દરેક બાળકને સંસ્કૃત, પુરાણો, વેદ અને વેદાંગનું જ્ઞાન આપી રહ્યું છે, અને આવા સંકુચિત વિરોધ સામે ટ્રસ્ટ પોતાના બાળકોના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ક્યારેય નહીં કરે. ટ્રસ્ટે આ બાબતનો સખત વિરોધ સહ રદિયો આપ્યો છે.

# કરુરમાં થયેલી ભાગદોડની તપાસ સીબીઆઈને સોંપાઈ, નિવૃત્ત ન્યાયાધીશ તપાસનું નિરીક્ષણ કરશે

નવીદિલ્હી,તા.૧૩



અભિનેતા અને રાજકારણી વિજયની રેલીમાં થયેલી ભાગદોડની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે. સોમવારે કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવાનો પણ આદેશ આપ્યો હતો. ૨૭ સપ્ટેમ્બરના રોજ, ટીવીકેના વડા અને અભિનેતા વિજયની રેલી દરમિયાન ભાગદોડ મચી હતી, જેમાં ૪૧ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. જસ્ટિસ જેકે મહેશ્વરી અને એનવી અંજારિયાની બેન્ચે આ ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. તેમણે સીબીઆઈ તપાસ પર દેખરેખ રાખવા માટે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ અજય રસ્તોગીની આગેવાની હેઠળ ત્રણ સભ્યોની સમિતિની રચના કરવાનો પણ આદેશ આપ્યો છે. અગાઉ, સુપ્રીમ કોર્ટે વિજયના ટીવીકે (તમિલનાડુ વેટ્રી કઝગમ), મૃતક પીડિતોના બે પરિવારો અને કરુર ભાગદોડની તપાસ અંગે અન્ય પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલી વિવિધ અરજીઓ પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. આ કેસમાં પોતાનો નિર્ણય અનામત રાખતા પહેલા, બેન્ચે તમિલનાડુ સરકારને મૃતક પીડિતના પરિવાર દ્વારા કેન્દ્રીય એજન્સી દ્વારા તપાસની માંગ કરતી અરજીઓના જવાબમાં સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું.

# ભારતીય મૂળના કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે પીએમ મોદી સાથે મુલાકાત કરી

ન્યૂ દિલ્હી,તા.૧૩



સોમવારે PM મોદીએ કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ સાથે તેમના સાઉથ બ્લોક કાર્યાલયમાં મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચે વ્યાપાર, ઉર્જા, ટેકનોલોજી, કૃષિ અને સહયોગ અંગે ચર્ચા કરી હતી. પીએમ મોદીએ કેનેડાના PM માર્ક કાર્નેને શુભેચ્છા પાઠવી અને આગામી બેઠકો અંગે આશા વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે, વિદેશ મંત્રી આનંદની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ટૂંક સમયમાં પ્રધાનમંત્રી કાર્નેને મળવા આતુર છે. અગાઉ, ભારત અને કેનેડાના વિદેશ પ્રધાનો વચ્ચેની બેઠક બાદ એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે બંને દેશો વચ્ચે અનેક મુદ્દાઓ પર એક રોડમેપ વિકસાવવામાં આવ્યો હતો. બંને પ્રધાનોએ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને તણાવના સમયમાં મજબૂત ભાગીદારીની જરૂરિયાતનો સ્વીકાર કર્યો હતો.

# બિહારમાં ૪-૫ બેઠક નહી મળે તો એનડીએ સાથે જોડાણ તોડવાની પ્રકાશ રાજભરેની ધમકી

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૩

સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના વડા અને ઉત્તર પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે એનડીએ સાથે જોડાણ તોડવાની ધમકી આપી છે. તેમણે બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએ પાસેથી ૪-૫ બેઠકોની માંગણી કરી છે. ઓમ પ્રકાશ રાજભર કહે છે કે તેમની પાર્ટીને બિહારમાં ચૂંટણી લડવા માટે એક પણ બેઠક આપવામાં આવી નથી. તેમણે આ અંગે પોતાની નારાજગી પણ વ્યક્ત કરી છે. રાજભરે આરોપ લગાવ્યો છે કે ભાજપ "ગઠબંધન ધર્મ"નું પાલન કરી રહી નથી. ઓમ પ્રકાશ રાજભરે વધુમાં કહ્યું કે સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી બિહારમાં એક મોરચો બનાવશે અને બધી બેઠકો પર ચૂંટણી લડશે. તેમણે કહ્યું, "હવે સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી બિહાર ચૂંટણી પોતાના દમ પર લડવાનું વિચારી રહી છે. અમે એક મોરચો બનાવીશું અને ત્યાં ચૂંટણી લડીશું.

# રાજ્યસભામાં ભાજપે ત્રણ ઉમેદવારોને ચૂંટણીમાં ઉતાર્યા, એન.સી. ચોથો ઉમેદવાર ઉતારે તેવી સંભાવના

શ્રીનગર,તા.૧૩



જમ્મુ અને કાશ્મીરમાં આગામી રાજ્યસભાની ચૂંટણી માટે ભાજપના ત્રણ ઉમેદવારો, સતપાલ શર્મા, અલી મોહમ્મદ મીર અને રાકેશ મહાજને પોતાની ઉમેદવારી નોંધાવી છે. ભાજપે શ્રીનગરના જવાહર નગર સ્થિત પાર્ટી મુખ્યાલયથી એક વિશાળ રેલીનું આયોજન કર્યું હતું, જેમાં ભાજપના તમામ ધારાસભ્યો અને કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહ હાજર રહ્યા હતા. તેમણે પોતાના પક્ષના કાર્યકરો સાથે રેલીના રૂપમાં પોતાની ઉમેદવારી નોંધાવવા માટે સિવિલ સચિવાલય તરફ કૂચ કરી હતી. આ પ્રસંગે "ભારત માતા કી જય" અને "ભાજપ ઝિંદાબાદ"ના નારા લગાવવામાં આવ્યા હતા. આ પહેલી વાર છે જ્યારે કોઈ રાજકીય પક્ષે આટલી મોટી રેલી યોજી છે. ભાજપના નેતાઓ માને છે કે આ કાશ્મીરમાં પરિવર્તનનું ચિહ્ન છે. જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યસભાની ચાર બેઠકો છે, પરંતુ બંને પક્ષો, ભાજપ અને નેશનલ કોન્ફરન્સે અત્યાર સુધી ફક્ત ત્રણ-ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી છે. નેશનલ કોન્ફરન્સ ચોથો ઉમેદવાર ઉભો રાખી શકે છે.

# કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ તેમની અભિનય કારકિર્દી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો

નવીદિલ્હી,તા.૧૩

કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ અભિનયમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે તેઓ તેમની ફિલ્મ કારકિર્દી ચાલુ રાખવા માંગે છે. ત્રિશૂરના સાંસદ અને અભિનેતામાંથી રાજકારણી બનેલા ગોપીએ કન્નુરમાં એક કાર્યક્રમમાં બોલતા કહ્યું કે મંત્રી બન્યા પછી તેમની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યું, "હું ખરેખર અભિનય ચાલુ રાખવા માંગુ છું. મારે વધુ કમાણી કરવાની જરૂર છે; મારી આવક સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે." અભિનેતામાંથી રાજકારણી બનેલા ગોપીએ કહ્યું કે તેઓ રાજ્યના સૌથી યુવા ભાજપ સભ્યોમાંના એક છે અને સૂચન કર્યું કે રાજ્યસભાના સાંસદ સી. સદાનંદન માસ્ટરને તેમની જગ્યાએ કેન્દ્રીય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવે. તેમણે કહ્યું, "મેં ક્યારેય મંત્રી બનવા માટે પ્રાર્થના કરી નથી. ચૂંટણીના એક દિવસ પહેલા, મેં પત્રકારોને કહ્યું હતું કે હું મંત્રી બનવા માંગતો નથી."

# આસામમાં હિન્દુઓની વસ્તી કુલ વસ્તીના ૪૦%એ પહોંચી : સીએમ હિમંતા બિસ્વા

ગુવાહાટી,તા.૧૩



આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ રવિવારે રાજ્યની વસ્તીમાં થઈ રહેલા ફેરફારો અંગે એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે આસામમાં હિન્દુઓની સંખ્યા હવે કુલ વસ્તીના લગભગ ૪૦ ટકા થઈ ગઈ છે, જે લગભગ મુસ્લિમ વસ્તી જેટલી છે. એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, હિમંત બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે આસામ "વસ્તી વિષયક પરિવર્તનનો મોટો ભોગ બન્યો છે." તેમણે સમજાવ્યું કે ૨૦૨૧ ના અંદાજ મુજબ, મુસ્લિમ વસ્તી ૩૮ ટકાના આંકડાને વટાવી ગઈ છે અને હાલમાં રાજ્યની વસ્તીના આશરે ૩૯.૫ ટકા છે. તેમણે સ્પષ્ટતા કરી કે આ આંકડા ૨૦૧૧ ના વસ્તી ગણતરીના અંદાજ પર આધારિત છે. મુખ્યમંત્રીએ ચેતવણી આપી હતી કે રાજ્યમાં ખ્રિસ્તી વસ્તી આશરે ૬-૭ ટકા છે, અને જો અન્ય પ્રદેશો અને સમુદાયોના લોકોને બાકાત રાખવામાં આવે તો, આજે આસામમાં હિન્દુ વસ્તી ૪૦ ટકાથી વધુ નથી. હિમંત બિસ્વા શર્માએ આ ઝડપી પરિવર્તન માટે ઘૂસણખોરીને જવાબદાર ગણાવી હતી. તેમણે દાવો કર્યો હતો કે વૈષ્ણવ સંસ્કૃતિનું કેન્દ્ર અને વિશ્વના સૌથી મોટા વસ્તીવાળા નદી ટાપુ, માજુલી જેવા જિલ્લાઓમાં મુસ્લિમ વસ્તીમાં ૧૦૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

# કોલેજોએ છોકરીઓને અંધારા પછી બહાર જવાથી રોકવી જોઈએ : મમતાનું વિવાદાસ્પદ નિવેદન

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૩



પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં મેડિકલ સ્ટુડન્ટ પર થયેલા ગેંગરેપ પર મમતા બેનર્જી સરકારની ટીકા થઈ રહી છે. સીપીઆઈએમ બંગાળના મહાસચિવ મોહમ્મદ સલીમે બંગાળ સરકારની ટીકા કરતા પૂછ્યું, "શું પશ્ચિમ બંગાળમાં તાલિબાનનું શાસન છે?" જ્યાં મહિલાઓ રાત્રે મુક્તપણે ફરી પણ શકતી નથી...તેઓ કામ માટે પણ બહાર જઈ શકતી નથી.'

સીપીઆઈએમ નેતાએ કહ્યું, "પશ્ચિમ બંગાળ પોલીસે તપાસ સંપૂર્ણપણે સ્થગિત કરી દીધી છે, અને ગુનેગારોને બચાવી લેવામાં આવી રહ્યા છે. સરકારની માનસિકતા અને વિચારો રાજા રામ મોહનરાય અને વિદ્યા સાગરની વિચારધારાથી સંપૂર્ણપણે વિપરીત છે. પુરુષો અને સ્ત્રીઓ સમાન છે. શું મમતા સરકાર આ સ્વીકારે છે કે નહીં? પશ્ચિમ બંગાળમાં હાલમાં તમામ ઉંમરની મહિલાઓ અસુરક્ષિત અનુભવી રહી છે. બંગાળમાં પોલીસ અને કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે." દુર્ગાપુરમાં મેડિકલ વિદ્યાર્થીની પર થયેલા કથિત ગેંગરેપ પર બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ચોંકાવનારા નિવેદન આપ્યા બાદ સીપીઆઈએમ નેતાનું આ નિવેદન આવ્યું છે. રવિવારે મમતા બેનર્જીએ કહ્યું હતું કે કોલેજોએ છોકરીઓને અંધારા પછી બહાર જવાથી રોકવી જોઈએ.

# ત્રણ મહિનામાં છઠ્ઠી વખત મનસેના વડા રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેના ઘરે મુલાકાત લીધી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૩



મનસેના વડા રાજ ઠાકરે સોમવારે તેમના ભાઈ અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને મળવા માટે તેમના નિવાસસ્થાન, માતોશ્રી ખાતે ગયા. રાજ તેમના પરિવાર અને માતા સાથે જોવા મળ્યા. અહેવાલો અનુસાર, આ એક કૌટુંબિક રાત્રિભોજન છે, અને આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ પર પણ ચર્ચા થવાની શક્યતા છે. છેલ્લા ત્રણ મહિનામાં બંને ભાઈઓ વચ્ચે આ છઠ્ઠી મુલાકાત છે. અગાઉ, ૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, બંને ભાઈઓ મરાઠી ભાષા પરિષદમાં એક જ મંચ પર સાથે જોવા મળ્યા હતા. ૨૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ મરાઠી ભાષા પરિષદ બાદ, બંને નજીક આવ્યા, અને રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસ પર તેમના નિવાસસ્થાન, માતોશ્રીની મુલાકાત લીધી. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ થયેલી આ મુલાકાતની રાજકારણમાં ખૂબ ચર્ચા થઈ હતી.

# મોતની સિરપ બનાવનાર શ્રીસન ફાર્માના સાત સ્થળોએ ઈડીના દરોડા


ચેન્નાઈ,તા.૧૩

તમિલનાડુ સરકારે સોમવારે કોલ્ડરિફ કફ સિરપ બનાવતી કંપની શ્રીસન ફાર્માસ્યુટિકલ્સનું મેન્યુફેક્ચરિંગ લાઈસન્સ સંપૂર્ણપણે રદ કરી દીધું હતું અને તેને કાયમી ધોરણે બંધ કરવાની જાહેરાત કરી હતી.

સરકારે શ્રીસન ફાર્માની ફેક્ટરીમાં ૩૫૦ થી વધુ ગંભીર ખામીઓ શોધી કાઢી હતી. મધ્યપ્રદેશમાં કોલ્ડરિફ સિરપ પીવાથી અત્યાર સુધીમાં ૨૫ બાળકોના મોત થયા છે. સોમવારે ચેન્નઈમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ શ્રીસન ફાર્મા સાથે જોડાયેલા સાત સ્થળોએ દરોડા પાડ્યા હતા. શ્રીસન ફાર્માના મુખ્ય કર્મચારીઓ અને તમિલનાડુ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (TNFDA)ના ધરપકડ કરાયેલા ડિરેક્ટર-ઈન-ચાર્જ, પી.યુ. કાર્તિકેયનના પરિસરમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

# પાકિસ્તાને કંદહારમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી ડ્રોન વડે હુમલા કર્યા

(એચ.એસ.એલ),કંદહાર,તા.૧૩



પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની સરહદ પર તણાવ સતત વધી રહ્યો છે. તાજેતરમાં, પાકિસ્તાની હુમલાના જવાબમાં અફઘાનિસ્તાને પાકિસ્તાની સરહદ પર હુમલો કર્યો. આ હુમલામાં ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ઘટના બાદ, પાકિસ્તાને વળતો જવાબ આપ્યો છે, અફઘાન હુમલાને ઉશ્કેરણીજનક ગણાવ્યો છે. બદલામાં, પાકિસ્તાને કંદહાર સહિત અફઘાનિસ્તાનના અનેક વિસ્તારોમાં ડ્રોન હુમલા કર્યા છે. ખરેખર, અફઘાન હુમલા બાદ પાકિસ્તાની સેના વ્યથિત થઈ ગઈ છે. પાકિસ્તાને હવે અફઘાનિસ્તાનમાં નાગરિકોને નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે. પાકિસ્તાને કંદહારના રહેણાંક વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા છે. પાકિસ્તાને કંદહારમાં સતત બે ડ્રોન હુમલા કર્યા છે.

# મેક્સિકોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનમાં ૪૧ લોકોના મોત

પોઝા રિકા,તા.૧૩

છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા મુશળધાર વરસાદને કારણે મેક્સિકોમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક વિસ્તારોમાં ભૂસ્ખલનના પણ અહેવાલ છે. દરમિયાન, સતત વરસાદને કારણે મેક્સિકોમાં પૂર અને ભૂસ્ખલનને કારણે ૪૧ લોકોના મોત થયા છે. અહેવાલો અનુસાર, મેક્સિકન રાજ્ય વેરાક્રુઝમાં ૬ થી ૯ ઓક્ટોબર દરમિયાન આશરે ૫૪૦ મિલીમીટર (૨૧ ઈંચથી વધુ) વરસાદ પડ્યો હતો. મેક્સિકો સિટીથી ૧૭૦ માઈલ (૨૭૫ કિલોમીટર) ઉત્તરપૂર્વમાં સ્થિત તેલ શહેર પોઝા રિકામાં પૂર પહેલાં કોઈ ચોક્કસ ચેતવણી જારી કરવામાં આવી ન હતી. મેક્સિકોના રાષ્ટ્રીય નાગરિક સુરક્ષા સંકલન દ્વારા અહેવાલ આપવામાં આવ્યો છે કે શનિવાર સુધીમાં, મેક્સિકો સિટીના ઉત્તરમાં આવેલા હિડાલ્ગો રાજ્યમાં ભારે વરસાદથી ૧૬ લોકો માર્યા ગયા હતા અને ૧૫૦ સમુદાયોને વીજળી ગુલ થઈ ગઈ હતી.

# બીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝ સામે ભારત જીતથી ફક્ત ૫૮ રન દૂર

ન્યૂ દિલ્હી,તા.૧૩



ભારતીય ટીમ દિલ્હી ટેસ્ટમાં જીતથી માત્ર ૫૮ રન દૂર છે. ટીમે વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ૧૨૧ રનના ટાર્ગેટને ચેઝ કરતાં એક વિકેટના નુકસાને ૬૩ રન બનાવી લીધા છે. ચોથા દિવસે સ્ટમ્પ્સ સમયે કેએલ રાહુલ ૨૫ રન અને સાઈ સુદર્શન ૩૦ રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. બંને વચ્ચે ૫૪ રનની ભાગીદારી પૂરી થઈ ચૂકી છે. ભારતની એકમાત્ર વિકેટ યશસ્વી જયસ્વાલ (૮ રન)ના રૂપમાં પડી હતી. આની પહેલાં, ફોલોઓન થયેલી ટીમ બીજી ઈનિંગ્સમાં ૩૯૦ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. જસ્ટિન ગ્રીવ્સ (૫૦ રન) અને જેડન સીલ્સ (૩૨ રન)એ ૧૦મી વિકેટ માટે ૧૧૩ બોલમાં ૭૯ રનની મોટી ભાગીદારી નોંધાવી હતી. એક સમયે વેસ્ટ ઈન્ડીઝ પર ઈનિંગ્સથી હારનું જોખમ મંડરાઈ રહ્યું હતું. જોન કેમ્પબેલ (૧૧૫ રન) અને શાઈ હોપ (૧૦૩ રન) એ સદી ફટકારીને ઈનિંગ્સથી હાર ટાળી દીધી. આ બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૭૭ રનની ભાગીદારી કરી. આ બન્ને બેટ્સમેનના આઉટ થયા પછી અન્ય બેટ્સમેન બરાબર રમી શક્યા નહીં.

## અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની

## :: જાહેર નોટીસ ::

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો બાબરા તાબાના બાબરા ગામે ઈન્દ્રપસ્થ કોલોનીમાં આવેલ સીટી સર્વે નંબર ૧૨૭૪ પૈકી ના પ્લોટ નં. ૨ પૈકીની કુલ ૫૮-૫૩ ચો. મી. વાળી મિલકત આવેલ છે. જે મીલકત હાલ મીનાબેન મયુરભાઈ ચાંદરાણીની માલીકી કબજા ભોગવટાની મિલકત આવેલ છે.

આ અમારી ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૬૨ તા. ૨૪/૧/૨૦૦૫ ના રોજ વલ્લભભભાઈ વશરામભાઈ વિસલપરા વિગેરે – ૫ ના પાસેથી દેવમુરારી અશોકભાઈ મનસુખભાઈ એ વેચાણે રાખેલ છે તે અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હક્ક હીત સંબધ હોય તો તે હકક– હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન -૭ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૪/૧૦/૨૦૨૫
અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે,
અમરેલી.
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

# અમરેલી સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૩

નવરાત્રિના તહેવારોમાં વરસાદી વિધ્ન આવ્યા બાદ હવે દિવાળી આસપાસ પણ રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. તા.૧૬ થી ૧૯ દરમિયાન છુટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા શક્યતા વ્યકત કરવામાં આવી છે. નોંધનીય છે કે, રાજ્યમાંથી ચોમાસાની




સત્તાવાર વિદાય થઈ ચૂકી છે. રાજ્યમાં સિઝનનો ૧૧૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ.કે. દાસના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, સુરત, વલસાડ, નવસારીમાં માવઠાની અસર રહેશે. કેટલાક જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેશે. જ્યારે અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ સહિત વિસ્તારમાં છૂટોછવાયો વરસાદ રહેશે. તા.૧૬ થી ૧૯ ઓક્ટોબર સુધી માવઠાની અસર રહેશે. પવનોની દિશા બદલાતા અને એક ટ્રફ પસાર થતો હોવાથી વરસાદ પડી શકે છે.

**તા.૧૬ થી ૧૯ ઓક્ટોબર દરમિયાન માવઠાની અસર રહેશે**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી પહોંચતા મંત્રીમંડળના વિસ્તરણને લઈ અટકળો તેજ

**મંત્રીમંડળમાં અનેક નવા ચહેરાઓને સ્થાન મળશે તેવી ચર્ચાઓ**

ગાંધીનગર,તા.૧૩



ગુજરાતમાં ભાજપના નવા પ્રદેશ પ્રમુખની વરણી બાદ હવે દિવાળી પૂર્વે મંત્રીમંડળમાં ફેરફાર થનાર છે તે વચ્ચે તા.૧૩ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી પહોંચતા રાજકીય અટકળો તેજ બની છે. રાજયમાં લાંબા સમયથી મંત્રીમંડળ પુનઃરચનાની ચર્ચા છે. હાલમાં ભાજપ પ્રદેશ પ્રમુખની નિયુક્તિ થયા બાદ હવે સંગઠન બાદ મંત્રીમંડળમાં ફેરફારની પણ તૈયારી હોવાનું નિશ્ચિત મનાય છે. ખાસ કરીને દિવાળી બાદ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની જે ચૂંટણીઓ યોજાવાની છે તે પણ મહત્વની છે અને તે પૂર્વે સરકાર તથા સંગઠન બન્ને પુરી રીતે સજજ થાય તે જરૂરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ હવે મંત્રીમંડળ પુનઃરચના એ ફકત સમયનો જ પ્રશ્ન છે અને અનેક નવા ચહેરાઓને પણ સ્થાન મળશે. ખાસ કરીને સંગઠનમાં પણ યુવા ચહેરાની સાથે નવી જનરેશનનું મંત્રીમંડળ હશે. જેમાં હાલની સરકારના અનેક મંત્રીઓને પડતા મુકાશે. આ માટે રિપોર્ટ કાર્ડ પણ મોવડીમંડળ પાસે પહોંચી ગયું છે અને તેના પરથી મુખ્યમંત્રી જૂના ચહેરાઓને હટાવવા અને નવા ચહેરાને સ્થાન આપવા મોવડીઓનું માર્ગદર્શન મેળવશે.







